દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬

# અમેરિકામાં ભારતીયો દ્વારા સંચાલિત ગેરકાયદે ઓનલાઇન ફાર્મસીઓ: ભારતના દવા ઉદ્યોગની છાપ વધુ બગડી

હાલ થોડા સમય પહેલા એવા અહેવાલ આવ્યા હતા કે અમેરિકાના ફેડરલ સત્તાવાળાઓએ ભારત સ્થિત એક આંતરરાષ્ટ્રીય ગુનાહિત સંગઠન સાથે જોડાયેલી 200થી વધુ વેબસાઇટ ડોમેન્સ જપ્ત કરી છે. આ ગેરકાયદેસર ઓનલાઇન ફાર્મસીઓ કથિત રીતે ઓછામાં ઓછા છ જીવલેણ અને ચાર બિન-જીવલેણ ડ્રગ ડોઝ માટે જવાબદાર છે. યુએસ ડ્રગ એન્ફોર્સમેન્ટ એડમિનિસ્ટ્રેશન (DEA) ની દેશભરની ફિલ્ડ ઓફિસોએ અનેક ઓપરેશન હાથ ધર્યા હતા, જેમાં ચાર વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હોવાનું એક નિવેદનમાં જણાવાયું હતું. આ અહેવાલ એ હાલમાં ભારત માટે ફાર્મસી ક્ષેત્રે બહાર આવેલા શરમજનક અહેવાલોની પરંપરામાં એક નવા અહેવાલ છે. આ પહેલા ઝેરી કફ સિરપોની બાબતમાં ભારત વિશ્વમાં ઘણુ બદનામ થઇ ચુક્યું છે.

DEA એ ન્યૂયોર્કના ઇસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ માટેની યુએસ એટર્ની ઓફિસના સહયોગથી 'ઓપરેશન મેલ્ટડાઉન' ના ભાગરૂપે ભારત સ્થિત આંતરરાષ્ટ્રીય ગુનાહિત સંગઠનો (TCOs) સાથે સંકળાયેલા 200થી વધુ વેબસાઇટ ડોમેન્સ જપ્ત કરવાની જાહેરાત કરી હતી. આ ગેરકાયદેસર ઓનલાઇન ફાર્મસીઓ સાથે જોડાયેલા TCOs ની DEA ના રોકી માઉન્ટેન ફિલ્ડ ડિવિઝન દ્વારા 2022 થી તપાસ કરવામાં આવી રહી હતી. DEA એ જણાવ્યું હતું કે આ એજન્સી ભારત સરકારના કાયદા અમલીકરણ ભાગીદારો સાથે મળીને આવા પ્રકારના ગેરકાયદેસર ડ્રગ હેરફેરના ઓપરેશનમાં સંકળાયેલા ખતરનાક ગુનાહિત સંગઠનોને ઓળખવા, તપાસ કરવા અને તેમને ખતમ કરવા માટે સક્રિયપણે કામ કરી રહી છે. તેણે જણાવ્યું હતું કે ગેરકાયદેસર ફાર્માસ્યુટિકલ વિતરકો સામે કડક કાર્યવાહી કરવાનું ચાલુ રાખશે અને અમેરિકન નાગરિકોના જાહેર આરોગ્ય અને સુરક્ષાને જોખમમાં મૂકતી ગેરકાયદેસર દવાઓના પ્રવાહને રોકવાના તેના પ્રયાસોમાં અડગ રહેશે. દેખીતી રીતે અમેરિકી નાગરિકોના જીવન સાથે થતાં ચેડાની બાબતમાં તેણે સ્વાભાવિક રીતે કડક અભિગમ અપનાવ્યો છે પરંતુ આમાં ભારતીયો સંડોવાયેલા છે તે બાબત બહાર આવતા ફાર્મસી ક્ષેત્રે વૈશ્વિક ગજુ કાઢવા માગતા ભારતની શાખને આ એક મોટો ફટકો છે. સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે 27 જાન્યુઆરી, 2026 થી શરૂ કરીને સમગ્ર અમેરિકામાં DEA ફિલ્ડ ઓફિસોએ અનેક ઓપરેશન્સ હાથ ધર્યા હતા, જેના કારણે ચાર વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી અને પાંચ તાત્કાલિક સસ્પેન્શન ઓર્ડર (ISO) તેમજ એક 'ઓર્ડર ટુ શો કોઝ' જારી કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહી ઉપરાંત, અમેરિકી સરકારે 200થી વધુ ઓનલાઇન ફાર્મસીઓ બંધ કરી દીધી હતી, જેમના પર માન્ય પ્રિસ્ક્રિપ્શન વિના લાખોની સંખ્યામાં દવાઓ અને નકલી ગોળીઓ પહોંચાડવાનો આરોપ હતો. તપાસકર્તાઓએ નિર્ધારિત કર્યું કે આ ઓનલાઇન ફાર્મસીઓના સંચાલકો અને તેમના સહ-કાવતરાખોરો સમગ્ર યુનાઇટેડ સ્ટેટ્સમાં ગ્રાહકોને માન્ય પ્રિસ્ક્રિપ્શન વિના દવાઓ ગેરકાયદેસર રીતે આપી રહ્યા હતા અને મોકલી રહ્યા હતા, જે ફેડરલ નિયમોનું ઉલ્લંઘન છે. તપાસ દરમિયાન એવા હજારો ગ્રાહકોની ઓળખ કરવામાં આવી જેમણે આ ઓનલાઇન ફાર્મસીઓ દ્વારા દવાઓ ખરીદી હતી. ત્યારબાદ, DEA એ આ ચાલુ તપાસમાં માહિતી મેળવવા માટે જનતાને 20,000 થી વધુ પત્રો મોકલ્યા છે. DEA એડમિનિસ્ટ્રેટર ટેરેન્સ કોલે જણાવ્યું હતું કે, આ કેસ દર્શાવે છે કે કેવી રીતે વિદેશી સ્થિત તસ્કરો આપણી હેલ્થકેર સિસ્ટમનો દુરુપયોગ કરે છે, ઇન્ટરનેટ પાછળ સંતાય છે અને કાયદેસરના વેપારના બહાને ખતરનાક દવાઓ પહોંચાડવા માટે અમેરિકાનીની અંદરના લોકોનો ઉપયોગ કરે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે ગેરકાયદેસર ઓનલાઇન ફાર્મસીઓ નકલી અને બિન-મંજૂર ગોળીઓ વેચે છે અને તેમને કોઈ નુકસાન પામે કે મૃત્યુ પામે તેની પરવા હોતી નથી. આ એક ખૂબ ગંભીર બાબત છે. આના પરથી એવી છાપ ઉભી થાય છે કે ભારતીય કૌભાંડકારીઓ નાણા માટે અન્ય લોકોના જીવ જોખમમાં મૂકતા પણ અચકાતા નથી. આવી ઉભી થયેલી છાપને કારણે કાયદેસરની ભારતીય નિકાસકાર ફાર્મસીઓની છબી પણ બગડી શકે છે.

હાલ છેલ્લા કેટલાક સમયમાં ભારતીય ઉત્પાદકો દ્વારા વિવિધ વિદેશોમાં નિકાસ કરવામાં આવેલ ખાસ કરીને બાળકો માટેની કફ સિરપોના કારણે વિદેશોમાં અનેક બાળકોના મોત થવાના અહેવાલોને કારણે ભારતીય ફાર્મસી ઉદ્યોગને મોટું લાંછન લાગ્યું હતું. ભારતીય સત્તાવાળાઓએ અલબત્ત, આ ફાર્મસી સંચાલકો સામે ત્વરિત પગલા લીધા તે સારી વાત છે પરંતુ છબીને નુકસાન તો થઇ જ ગયું છે. તેમાં વળી આ અમેરિકામાં ભારતીયો દ્વારા ચલાવાતી ગેરકાયદે ઓનલાઇન ફાર્મસીની વાત બહાર આવી છે. આપણા વડાપ્રધાન જ્યારે ભારતને વૈશ્વિક ફાર્મસી હબ બનાવવાની વાત કરતા હોય તેવા સમયે આવી ઘટનાઓ સર્જાય તે ઘણી શરમજનક બાબત છે. આવા કૃત્યો કરનાર તત્વો સામે ભારત સરકારે પણ કડક હાથે કામ લેવાની જરૂર છે.

## ખુશીનો આધાર

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

એક દરિયાકિનારે એક યુવાન દંપતી પોતાના ચાર વર્ષના દીકરાને લઈને ફરવા આવ્યું. ચટાઇ પાથરી રેતીમાં બેઠક જમાવી. નાનકડો દીકરો રેતીમાં પોતાના બીચ સેટ વડે રમવા લાગ્યો.મમ્મી પપ્પાની મદદથી નાનું રેતનું ઘર બનાવતો અને ખુશ થતો.ખુશી તેના ચહેરા પર અને આંખોમાં ચમકતી હતી.પપ્પા નાળિયેર પાણી લાવ્યા. તે પીધું. પાછો રમવા લાગ્યો. એ જ દરિયાકિનારે થોડે દૂર રેતીમાં એક પગથી અપંગ બાપ ફુગ્ગા ફુલાવી રહ્યો હતો. એક પછી એક ફુગ્ગા ફુલાવી સરસ આકારો પંખી ..ઢીંગલી વગેરે બનાવી તૈયાર કરી રહ્યો હતો .....તેનો સાત વર્ષનો દીકરો તેને મદદ કરી રહ્યો હતો ..સતત ફુગ્ગા ફુલાવતા બાપને ઉધરસ ચઢી..નાનો દીકરો દોડીને પાણી લઇ આવ્યો.. પિતાને પીવડાવ્યું અને પિતાને આરામ કરવા કહ્યું અને પોતે પિતાએ તૈયાર કરેલા ફૂલાવેલા ફુગ્ગા વેચવા નીકળી પડ્યો.દરિયાકિનારે જે લોકો ફરવા આવ્યાં હતાં ત્યાં જેની સાથે નાનાં બાળકો દેખાય ત્યાં તે ફુગ્ગા લઇ જતો અને વેચવાની કોશિશ કરતો.નાનાં બાળકો રંગબેરંગી ફુગ્ગા જોઈ રાજી થતાં.જયારે જયારે ફુગ્ગા વેચતા અને બે કે પાંચ રૂપિયા મળતા પેલા ફુગ્ગો વેચતા બાળકના મુખ પર હાસ્ય આવતું. આંખોમાં ખુશીની ચમક આવતી. ફુગ્ગો વેચનાર સાત વર્ષનો બાળક...પેલો ચાર વર્ષનો બાળક રેતીમાં રમતો હતો તેની તરફ ફુગ્ગા લઈને ગયો..ચાર વર્ષના બાળકે રંગબેરંગી ફુગ્ગા જોયા અને તેણે ફુગ્ગા માટે માંગણી કરી. પિતાએ તરત જ ફુગ્ગો અપાવ્યો. ફુગ્ગો મેળવી ચાર વર્ષનો બાળક ખુશ ખુશ થઇ ગયો..કારણ તેને ગમતી હજી એક વસ્તુ પપ્પાએ અપાવી ....અને તેના પપ્પા તેને ખુશ જોઇને ખુશ થઇ ગયા અને પોતાની પાસેનો વધુ એક ફુગ્ગો વેચી પેલો સાત વર્ષનો ફુગ્ગો વેચનાર બાળક પણ ખુશ ખુશ થઇ ગયો કારણ હવે તેની પાસે એટલા પૈસા ભેગા થયા હતા કે તે પોતાને માટે અને પોતાના અપંગ પિતા માટે જમવાનું લઇ શકે. તે દોડીને પિતા પાસે ગયો.થોડા ફુગ્ગા વેચવાના બાકી હતા તે ત્યાં મૂક્યા અને હાથમાંના પૈસા પિતાને બતાવી જમવાનું લેવા દોડી ગયો. થોડું ખાવાનું લઇ આવ્યો. તેણે અને તેના પિતાએ ખાધું અને પાછો તે ફુગ્ગા વેચવા ગયો. ખુશી બંને પરિસ્થિતિમાં છે જે સાબિત કરે છે ખુશી પૈસા પર નહિ પરિસ્થિતિ પર આધાર રાખે છે..એક બાળક ફુગ્ગો મેળવીને ..એક પિતા ફુગ્ગો ખરીદીને ખુશ છે....એક બાળક એ ફુગ્ગો વેચીને અને પોતાના પિતાને જમાડીને ખુશ છે.

# ભારતીય શિક્ષણમાં ગાંધીજીના વિચારોનો આપણે કાંટો જ કાઢી નાખ્યો

શિક્ષણ-સંસ્કાર
કાર્તિકેય ભટ્ટ

**સરકારે આખું વર્ષ એક યા બીજા કાર્યક્રમ કરીને ઉજવણી કરવાનું નક્કી કર્યું છે પણ જાણકારો મને છે કે ગાંધીજીના વિચારોને જીવનમાં ઉતારવા એજ આ વર્ષની સાચી ઉજવવાની રીત છે**

૧૮૬૯ માં પોરબંદરમાં જન્મેલા મોહનદાસ કરમચંદ ગાંધીના જન્મને આ વર્ષે એકશો પચાસ વર્ષ પુરા થશે. સરકારે આખું વર્ષ એક યા બીજા કાર્યક્રમ કરીને ઉજવણી કરવાનું નક્કી કર્યું છે પણ જાણકારો મને છે કે ગાંધીજીના વિચારોને જીવનમાં ઉતારવા એજ આ વર્ષની સાચી ઉજવવાની રીત છે. આપણે આ કોલમમાં હમણાં શિક્ષણની વાસ્તવિક સ્થિતિ શું છે તે તપાસી રહ્યા છીએ ત્યારે આ ગાંધી જયંતિ સપ્તાહમાં એ તપાસીએ કે ભારતના શિક્ષણમાં ગાંધી મૂલ્યો કયા છે?

ગાંધીજી આ યુગનું આશ્ચર્ય છે. કોઈ નવલોહિયો કોમ્પુટરના સહારે ગાંધીજી એ લખેલા પત્રો, એમને કરેલા આંદોલનો, એમને આપેલા પ્રવચનો એમનો જેલવાસ બધું ભેગું કરે તો એ ને બે ઘડી વિચાર આવે કે આટલું બધું કામ એક માણસ આટલા સમયમાં કરી કેવી રીતે શક્યો? અંગ્રેજ વાઈસ રોઈથી માંડીને ખેડૂત સુધી સૌને ગાંધીજી પત્ર લખતા, કદાચ આટલા પત્રો લખનારા ગાંધીજી દુનિયાના એકલા માનવી હશે. કોઈ એવું ક્ષેત્ર નથી જેના માટે ગાંધીજી એ લખ્યું ના હોય અને આજે ગાંધીજીના જન્મના ૧૫૦ વર્ષ ઉજવતા ભારતે થોડું આત્મદર્શન કરવાની જરૂર છે કે દેશ અને સમાજનું એવું કયું ક્ષેત્ર છે જ્યાં આપણે આજે ગાંધી વિચારનો અમલ કર્યો હોય. ગાંધીજી એક જગ્યાએ બોલ્યા હતા કે ભારત આઝાદી મેળવીને કેવો દેશ બનશે તો કહે એવો દેશ બનશે કે તેને જોઈને દુનિયા કહે કે આઝાદ થવું તો આ રીતે થવું? શું અત્યારે દુનિયા કહેશે કે આઝાદ થવું તો આ રીતે થવું?

દુનિયા આખીમાં જે ગાંધીની વાતો છે એ જ ગાંધીના એક પણ વિચાર આપણે જીવનના એક પણ ક્ષેત્રમાં સ્વીકાર્યા નથી. ઈવન શિક્ષણમાં પણ નહિ. સ્વતંત્ર ભારતના ૬૫ વર્ષના ઇતિહાસમાં આપણે એક પણ વખત મેકોલે આપેલી શિક્ષણ પદ્ધતિમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન નથી કર્યો. અરે શિક્ષણ નીતિ પણ બદલી નથી. આ સરકાર આવી ત્યારથી શિક્ષણ નીતિ લાવવાનો પ્રયત્ન કરે છે, હજુ જાહેર કરી શકી નથી. ભારતીય શિક્ષણનું સૌથી મોટી નબળાઈ એ છે કે તેમાં ભારતીયપણું નથી. ગાંધીજી દેશના ખૂણે ખૂણા ફર્યા અને સમાજજીવનની વિવિધતાને સમજ્યા પછી તેમણે ભારતીય અર્થતંત્ર વિષે વિચારો રજૂ કર્યા. એવી જ રીતે ભારતીય શિક્ષણ કેવું હોય તેના વિચારો રજૂ કર્યા પણ, સ્વતંત્રતા માતાએ ગાંધીજીનો ઉપયોગ કર્યા પછી આપણે ગાંધીજીના વિચારોનો આઝાદ ભારતમાં ઉપયોગ જ ના કર્યો, ઉલ્ટાનુ ગાંધીજીને જે પ્રિય ના હતું એ દંભ આચાર્યો અને ગાંધીજી ઈચ્છતા હતા એ બુનિયાદી શિક્ષણનો આપણે છેદ જ ઉડાવી દીધો. માત્ર બે ચાર ગાંધીવાદી સંસ્થાનોમાં આ પદ્ધતિ મુજબ શિક્ષણ આપ્યું પણ જન સામાન્ય તો પેલી મેકોલે સિસ્ટમ મુજબ બાળકો ભણાવતા હતા એમાં ખાનગીકરણ આવ્યું. ગાંધી વિચારમાં રસ ના હતો. એ સૌને ગાંધી છાપની નોટોમાં રસ પડ્યો અને શિક્ષણનો વેપાર ચાલુ થયો. સાચો ગાંધી વિચારને વરેલો માણસ ક્યારેય શિક્ષણના વેપારીકરણનો સ્વીકાર ના કરે. ગાંધીજીના ટ્રસ્ટીશીપના સિદ્ધાંતથી પ્રેરાઈને જેમને પોતાની મિલકતો સમાજ માટે વાપરવા કાઢી, ટ્રસ્ટ બનાવ્યા અને શિક્ષણ સંસ્થાઓ ખોલી તેમના જ વંશજ આજે એજ ટ્રસ્ટનો દૂરઉપયોગ કરીને સમાજને લૂંટી રહ્યા છે. આપણી શિક્ષણ સંસ્થોના સંચાલનથી માંડીને શિક્ષનામાં ભણવામાં આવતા પાઠ્યક્રમ સુધી ક્યાય ગાંધીજી રહ્યા નથી.

પ્રાથમિક શાળાઓમાં રોજ સવારે "સત્ય, અહિંસા, ચોરી ના કરવી, વણજોઈતું નવ સંઘરવું. બ્રહ્મચર્ય ને જાતે મહેનત, કોઈ અડે નવ અભડાવું. અભય. સ્વદેશી, સ્વાદ ત્યાગ ને સર્વ ધર્મ સરખા ગણવા. અગિયાર મહાવ્રત સમજી નમ્ર પાને દૃઢ આચરવા. આ પ્રાર્થના ગવાતી હતી, તે પણ હવે બંધ થઇ ગઈ. જો પ્રાર્થના ગવાતી જ બંધ થઇ જાય તો અગિયારા વ્રત પાળવાની વાત જ ક્યાં રહે છે?.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ઓ બસંતી પવન પાગલ.....!

મંગલ મસ્તી
રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

**લગન વખતે તો ધંતુરા પણ કેસુડાં લાગેલાં, હવે તો ચારેય બાજુ ગાંડા બાવળિયા ને કાગડાઓના કર્કશ ઘોંઘાટ સંભળાય છે મામૂ..! ફાલુદામાં હિંગ ભળી ગઈ હોય એવું લાગે, ને નબળા ગ્રહો ને, નબળા ચોઘડિયાં ઘોડેશ્વરી કરીને આવે છે બોલ્લો..!**

ખડૂસ હોય કે, ખખડેલો, વસંત ઋતુ સૌને ગમે..! ફૂલોનાં રંગબેરંગી કપડાં, પંખીઓનાં મીઠાં ગીતો અને પવનની હળવી ઠંડક - બધું જ 'સ્ટાઇલિશ' માં જોઇને, વૃધ્ધાત્મા પણ ધોતિયા ખંખેરી ફાટેલા જીન્સમાં આવી જાય..! લાકડી વગર શરીર ટકે નહિ એટલે, બાકી લાકડીની જગ્યાએ ઠંડીમાં પણ 'સ્ટાઈલીશ'ચાઈના છત્રી લઈને ફરે એવાં..! બધું તાજું-નવું અને રંગીન પામવાની તમન્નામાં આવી જાય..! અમુક તો એવાં વસંતઘેલાં બની જાય કે, ફૂલનાં કુંડાં પકડીને જાતે જ સેલ્ફીઓ લઈને 'સેલ્ફી'ઓ મૂકીને યુવાનીનો ડોળ બતાવે..! 'દિલ માંગે મોર' મોર જેવું છે ભૈલા..! એકના એક ઉકરડા જોઇને ત્રાસેલી આંખોને ટાઢક આપવા તો વસંત ઋતુનું પ્રાગટ્ય થાય. એની કોમેન્ટ ચમનિયા..?

વસંત ઋતુ એટલે કુદરતનો પોતાનો ફેશન shaw..! મગજડું ખીલું-ખીલું થવા માંડે. કાગડાના કર્કશ અવાજો સાંભળીને સૂઉઉઉન મારી ગયેલા કાનોમાં કોયલના ટહુકા પડે, એટલે કાનની સર્વિસ થઇ જાય..! ચારેય બાજુ ફોરમનો પમરાટ પામીને, ભમરા જેવા ભમરા, 'બેગાની શાદીમેં અબ્દુલ્લા દિવાના'ની જેમ, ભ્રમણ કરવા માંડે તો પાંચ ફૂટિયા માણસનો શું દોષ..? જેનામાં અજગર જેવી આળસાઈ છે, એ પણ 'રોમેન્ટિક' ઊર્જામાં આવી જાય. એની જાતને, "જે થવાનું હોય તે થાય'' બોલીને, જાતે જ પીઠી ચોળીને સસરાનું સરનામું શોધવા લાગી જાય..! એને કહેવાય વસંત પંચમીનો પ્રકૃતિ-નાચ મામૂ..! આવા જ નાચમાં ચમનિયો ભેરવાઈ ગયેલો..! આજીવન લગન નહિ કરવાની ગાંઠ વાળેલી હોવા છતાં, વસંત ઋતુની બોલીવુડ છાંટ જોઇને ભીન્નાઈ ગયેલો. વડીલોને એમ કે, વસંત પંચમીનું મુહૂર્ત પકડીએ તો મૂઆનો સંસાર અસાર નહિ થાય, ને કંસાર જેવો મધુરો રહે, એટલે 'ઓન' આપીને વસંત પંચમીનું 'સ્પેશ્યલ' મુહૂર્ત કઢાવેલું..! અને બિચારાએ પહેલી જ વાર લગન કરેલા..! (ઘણાં તો લગને લગને પણ કુંવારાં હોય..! ) આજે ભગવાનની દયાથી પાંચ છોકરાનો બાપ છે. સંશય એને એ વાતનો છે કે, સારું છે કે, વસંત પંચમીએ લગન કરેલા એટલે પાંચ છોકરા થયા, દશેરાએ કર્યા હોત તો 'ક્રિકેટ ઈલેવન' ઊભી થઇ ગઈ હોત..! ઋતુ તો ઓસરી ગઈ, પણ વસંત પંચમીના 'પંચ' હજી એ સહન કરે છે બોલ્લો ..!

હવે, જ્યારે જ્યારે પંચાંગમાં વસંત પંચમી આવે ને પ્રકૃતિ કેસુડાંનાં ડોકાં કાઢવા માંડે ત્યારે, એનામાં 'વસંતનો વાયરલ' ભરાય છે મામૂ..! લોકો તો ઊંઘમાં બકવાસ કરે ત્યારે એ જાગતો જ લવારે ચઢી જાય કે, 'ઓ બસંતી પવન પાગલ, જા તું જા હવે, ચાલી જા...!...! મને કહે, "રમેશિયા..! આ ભગવાનનું મેં શું બગાડેલું કે, વસંત પંચમીના દિવસે જ મારા ગળામાં લગનનો ગાળિયો નાંખેલો..?' લગન વખતે તો ધંતુરા પણ કેસુડાં લાગેલાં, હવે તો ચારેય બાજુ ગાંડા બાવળિયા ને કાગડાઓના કર્કશ ઘોંઘાટ સંભળાય છે મામૂ..! ફાલુદામાં હિંગ ભળી ગઈ હોય એવું લાગે, ને નબળા ગ્રહો ને, નબળા ચોઘડિયાં ઘોડેશ્વરી કરીને આવે છે બોલ્લો..! ભર વસંતે ભગવો પહેરવાની તાલાવેલી થાય છે..! optimism (આશાવાદ) અને pessimism (નિરાશાવાદ) બંને એક જ મંચ પરથી debate કરતા હોય એવું લાગે. એક બાજુ રાહુ છીંકતો હોય, ને બીજી બાજુ કેતુ ખાંસતો હોય..! એમાં મારાં ડૂસકાં પણ મંદ બની જાય..! વસંત પંચમી આવે ને મરેલી ભેંસના ડોળાની માફક મારા આંખના દાબડા ઊંચા ચઢવા માંડે. કેસુડાં હવે મઘમઘતા નથી. કોયલોને બદલે ઘુવડ ઘુરુરુરુરુ કરે છે. જેમાંથી મરશિયા સંભળાતા હોય એવું લાગે..! એટલે તો ખૂણા પકડીને આલોમ-વિલોમ કરું છું..! વસંતની મઘમઘતી રાતમાં મધુર મધુર સ્વપ્નાં પણ આવતાં, હવે માત્ર હેડંબાનાં હોંકારા સંભળાય છે. ૫૪ વર્ષ સુધી લગનનો ગાળિયો ગળામાં રાખ્યા પછી, ચમનિયાને પહેલી વાર સ્વપ્નું આવ્યું, તે પણ વસંત પંચમીની મધરાતે..! પથારીમાંથી ઊભો થઈને બિચારો અડધી રાતે પોકે-પોકે રડવા લાગ્યો. બાજુમાં સૂતેલી ચંચી ગભરાઈ ગઈ કે, નાથને થયું શું..? બોલી પણ ખરી કે, 'કેમ રડો છો પ્રેમ-નાથ..?' ચમનિયો કહે, 'એવું સ્વપ્નું આવ્યું કે, હું ઈમોશનલ થઈ ગયો..!'ચંચી કહે, 'આ ઉંમરે સ્વપ્નું આવે તે તો સારું કહેવાય..! કોનું, મારું સ્વપ્નું આવ્યું હતું..? ચમનિયો કહે, 'કોઈ પતિને એની પત્નીનું સ્વપ્નું આવે ખરું..?' જવાબ સાંભળીને ચંચીનો પાવર ઊંચો ચઢી ગયો. 'તો પછી કઈ હગલીનું સ્વપ્નું આવ્યું હતું..?' ચમનિયાએ ઊંડો શ્વાસ લઈને કહ્યું કે,''મારા બીજી વાર લગન થતાં હતાં.'ચંચી બોલી, 'ઓહહહ..! એ તો ખુશીની વાત છે, એમાં રડવાનું શું..? મારી સાથે જ થતા હતા ને..?' ત્યારે ચમનિયાએ ફોડ પાડ્યો કે, 'એ જ તો પ્રોબ્લેમ છે. બીજી વાર થયા, એ પણ તારી સાથે જ થયા..! એના કપાળમાં કાંદા ફોડું, આ સાંભળીને ચંચી એવી ઢળી પડી કે, અડધો કલાક સુધી ભાનમાં નહિ આવી..!

ગમે તે કહો, આ જગતમાં ત્રણ પ્રકારની પત્નીનું સામ્રાજ્ય છે..! ભૂતકાળી-ભવિષ્યકાળી અને વર્તમાનકાળી..! વાઈફ સાથે સહેજ જ વાંકું પડે એટલે, વસંત ઋતુ ઓસરીને પાનખરમાં ફેરવાઈ જાય. સંસારની આખી સારેગમપધનીસા બદલી જાય..! શબ્દાવલીના સૂર બદલાઈ જાય. એવી વંટોળે ચઢે કે, 'મારી સાથે બહુ હોંશિયારી તો મારતા જ નહિ હંકેકે..? તમારા આખા ખાનદાનને હું ઓળખું છું..! મૂઆ..કડવી વેલનાં બધાં જ કડવાં..! આ તો મારા બાપાએ તમારા ગળે વળગાડી, બાકી તમારી ૭૧ પેઢીને હું ઓળખું..!'આને ભૂતકાળી વાઈફ કહેવાય. બીજી હોય, ભવિષ્યકાળી..! છંછેડાય એટલે ભવિષ્યવાણી કાઢે, 'તમે તો રહેવા જ દેજો હંકેએએએ..? મારા જેવી વાઈફ તો તમને સાત જનમમાં પણ નહિ મળે..! ત્રીજી હોય, વર્તમાનકાળી..! એમનો એક જ તકિયા કલામ કે, 'તમારા ઘરમાં તો હું જ ટકી. પાડ માનો ભગવાનનો કે, મારા જેવી સીધી સાદી મળી. જો માથાભારી મળી હોત તો ક્યારની ટાલ પાડી ગઈ હોત..!' વિચાર એ વાતનો આવે કે, 'સીધી સાદી જો આટલી માથાભારી હોય તો, ખરેખર માથાભારી તો કેવીક રહેતી હશે..?

સચ્ચી બાત બોલું ક્યા..! પત્ની WIFIi જેવી હોય. WIFI દેખાય નહિ, પણ એક વાર કનેક્શન તૂટે, એટલે માંચડો હલાવી નાંખે. એક વાત છે, પતિ અને પત્ની ગમે એટલું ઝઘડે તો પણ એક સિક્કાની બે બાજુ જેવા..! બંને છાપ સારી હોય તો જ ચલણમાં ચાલે. બાકી ભર વસંતમાં જો રાહુ-કેતુ પગલાં પાડી જાય, તો વીંછીના ચટકાથી પણ અઘરા હોય મામૂ..! શાયર લખે છે એમ...

*વો આશિક અપની મહેબૂબાકો*
*બેપનાહ ચાહતા હૈ*
*લેકિન શાદીકે બાદ સિર્ફ વો*
*પનાહ ચાહતા હૈ...!*

પરણીને ઉખ્ખડ થયેલો કોઈ ઘાયલ જીવ, મહુડાના ઝાડવા નીચે બેસીને આવી કડી લલકારતો જોવા મળે તો, 'વાહ-વાહી'નહિ કરતા. બિચારાને વસંત પંચમીના 'પંચ' વધારે ચુવાગશે ને 'પ્રણય-પાપ' લાગશે તે બોનસ..! (આ 'પ્રણય-પાપ'વાળું હમણાં નવા સેલીબર્સમાં આવ્યું છે, એટલે જૂનાં ચોપડાં ફંફોળવા નહિ..!) સમય હોય તો એના વાંહે હાથ ફેરવજો ને એની વેદના સાંભળજો. ધરપત આપવાની કે, નાસીપાસ થવાથી અરમાનનું 'ડીમોલેશન'નહિ થાય. ગ્રહ ને ચોઘડિયાં તો બદલાતાં રહે. સંભવ છે કે, 'આંગળી ચિંધ્યાનું પુણ્ય' કદાચ લાધી જાય..! ને આટલું કરવાથી તમને પણ કદાચ '૧૦૦ ગાયોના દાન જેટલું પુણ્ય મળી જાય..!

લાસ્ટ બોલ

ચમનિયો એની વાઈફને કહે, 'મારી સાથે બહુ માથાકૂટ કરતી જ નહિ, OK..? યાદ છે ને દશરથ રાજાને ૩ રાણી હતી. હજી મારે બે ની જગ્યા ખાલી છે..!'

ચંચી કહે, "તો તમે પણ સાંભળી લો. દ્રૌપદીને પાંચ પતિ હતા. મારે પણ હજી ૩ ની જગ્યા ખાલી છે.

ચમનિયો કહે, "શિઈઈઈઈટ..! આટલું બધું ગણિત કાચું? ૩ નહિ ૪ ની જગ્યા ખાલી છે એમ કહેવાય..!

ચંચી કહે, 'એ તો તમે એવું માનો છો..! બાકી, મારા હિસાબની તો મને જ ખબર હોય ને..?

તારા કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સુરતની ટ્રાફિક સમસ્યા

આપણા દેશમાં તમામ મેટ્રો અને મીની મેટ્રો શહેરોમાં ટ્રાફિકની સમસ્યા દિવસે ને દિવસે વકરતી જાય છે. સુરતની પ્રજા પણ ટ્રાફિકની સમસ્યાથી પરેશાન થઈ રહી છે. સુરતને ફ્લાયઓવર સીટીનું બિરુદ મળ્યું હોવા છતાં પણ ટ્રાફિક સમસ્યા એમની એમ છે. અનેક ફ્લાય ઓવર કાર્યરત થઈ ગયા હોવા છતાં પણ સુરતની પ્રજાને ટ્રાફિક સમસ્યા અકળાવે છે. ટુ વ્હીલર , થ્રી વ્હીલર અને ફોર વ્હીલર વાહનો ની સંખ્યા સુરતમાં એટલી બધી વધી ગઈ છે કે ટ્રાફિક સમસ્યાનું કાયમી નિવારણ આવે એવું લાગતું નથી. આજે લગભગ દરેક ફેમિલીમાં એક કરતાં વધારે વાહનો અને કેટલીક વખત તો વ્યક્તિ દીઠ વાહનો જોવા મળે છે. ક્યારેક એવું પણ લાગે છે કે યુવા વર્ગ કામ વિના પણ વાહનો લઈને આમથી તેમ મોજ મસ્તી માટે ફર્યા કરે છે. ટ્રાફિકના નિયમોનું પાલન નહીં કરનાર સામે ભારે દંડ અને સજાની જોગવાઈ કરવામાં આવે તો કદાચ ટ્રાફિકની સમસ્યા થોડા ઘણા અંશે હલ થઈ શકે. ટ્રાફિકના નિયમો તોડનાર સામે કડકમાં કડક કાર્યવાહી થવી જોઈએ. બેંકો દ્વારા પણ ઓછા વ્યાજના દરે વ્હીકલ ખરીદવાની લોન આપવામાં આવે છે તેને પરિણામે પણ વાહનોની સંખ્યા વધતી જ જાય છે. જો સુરતની પ્રજા દ્વારા મોટા પાયે પબ્લિક ટ્રાન્સપોર્ટેશનનો ઉપયોગ કરવામાં આવે તો પણ ટ્રાફિકની સમસ્યા હલ થઈ શકે છે. ટ્રાફિક સમસ્યાને પરિણામે હવાનું પ્રદૂષણ અને પ્રજાના સમયનો પણ ખૂબ જ બગાડ થાય છે. સુરત શહેરમાં અવરનવર જે જીવલેણ અકસ્માતો બને છે તેનું એક કારણ ટ્રાફિક સમસ્યા પણ છે. ભારતના દરેક મેટ્રો શહેરોમાં ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ વિકસાવીને ટ્રાફિક જામ પર અંકુશ આવે ખૂબ જ જરૂરી છે. રસ્તા પર વાહનોની સંખ્યા ઘટાડવા માટે જરૂરી પગલાં લઈને જ ટ્રાફિક સમસ્યા હળવી થઈ શકે છે. ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે લાંબાગાળાના અનેકવિધ પગલાંઓ લેવા જરૂરી છે. સુરતની પ્રજાને વધુ સારી જીવનશૈલી પ્રદાન કરવી હોય તો ટ્રાફિક સમસ્યાને હલ કરવી અતિ આવશ્યક છે. ટ્રાફિકની ગંભીર સમસ્યાને પરિણામે સુરતની પ્રજાએ બને ત્યાં સુધી વાહન લઈને બહાર નીકળવાનું પણ ટાળવું પડે છે એવી પરિસ્થિતિનું ધીરે ધીરે સર્જન થઈ રહ્યું છે.

**નવસારી - ડૉ.જે. એમ. નાયક**

## વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે

તા.૨૨ ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ તરીકે ઉજવાય છે.તે નિમિત્તે થોડી માહિતી અશ્વિનભાઈ કામદારના લેખમાંથી ઉપલબ્ધ થઈ છે તેના પર એક નજર કરીએ. આજકાલના વિદ્યાર્થીઓને કદાચ ખબર પણ નથી કે ભારતીય ભાષાઓની વર્ણમાળામાં વિજ્ઞાન ભરેલું છે. વર્ણમાળાના પ્રત્યેક અક્ષર તર્કશુદ્ધ છે અને ચોક્કસ ગણત્રી સાથે ક્રમશઃ મુકવામાં આવ્યાં છે. અન્ય વિદેશી ભાષાની વર્ણમાળામાં આવો વિજ્ઞાનિક દ્રષ્ટિકોણ જડતો નથી. ઉ.હ. જુઓ:

**ક ખ ગ ઘ ઙ** - આ પાંચના સમુહને **કંઠવ્ય** કહેવાય છે કારણકે આનો ઉચ્ચાર કરતી વખતે કંઠમાંથી ધ્વનિ નીકળે છે. ઉચ્ચાર કરી જુઓ.

**ચ છ જ ઝ ઞ** - આ પાંચેય **તાલવ્ય** કહેવાય છે કારણકે આનો ઉચ્ચાર કરતી વખતે જીભ તાળવે લાગશે. ઉચ્ચાર કરી જુઓ.

**ટ ઠ ડ ઢ ણ** - આ પાંચેય **મૂર્ધન્ય** કહેવાય છે કારણકે આનો ઉચ્ચાર કરતી વખતે જીભ મૂર્ધાને લાગશે. ઉચ્ચાર કરી જુઓ.

**ત થ દ ધ ન** - આ પાંચના સમુહને **દંતવ્ય** કહેવાય છે કારણકે આનો ઉચ્ચાર કરતી વખતે જીભ દાંતને અડે છે. પ્રયત્ન કરી જુઓ.

**પ ફ બ ભ મ** - આ પાંચના સમુહને **ઔષ્ઠવ્ય** કહેવાય છે કારણકે આનો ઉચ્ચાર કરવા માટે બન્ને હોઠનું મિલન થાય છે. પ્રયત્ન કરી જુઓ.

આટલો વૈજ્ઞાનિક એપ્રોચ છે દુનિયાની અન્ય કોઈપણ ભાષામાં ? આપણે આપણી ભારતીય ભાષા માટે ગૌરવ જરૂર કરીએ પણ સાથોસાથ શા કારણસર એ પણ જાણકારી રાખીએ તથા દુનિયાને જણાવીએ.

આગામી ૨૨ ફેબ્રુઆરીએ **વિશ્વ માતૃભાષા દિન** ની ઉજવણી થશે ત્યારે ઉપરોક્ત માહિતી યાદ રાખશો.

માતૃભાષાનો જયજયકાર થજો.

મારી માતૃભાષા નો વૈભવ તો જુઓ,

જતા લોકો ને bye (જાઓ) નહિ...!

આવજો કહીએ છીએ.

**સુરત -સુરેન્દ્ર દલાલ**

## અદીઠાં એંધાણ

બાળમંદિર, પ્રાથમિકશાળા, માધ્યમિક શાળા, કોલેજ આ બધાં વિદ્યધામોને આપણે સરસ્વતી મંદિર તરીકે ઓળખીએ છીએ. વિદ્યા અને સંસ્કાર સિંચનનું પવિત્ર મંદિર. વર્ષોથી હજારો વિદ્યાર્થીઓએ જીછવનભથ્થુ, કેળવણી, શિક્ષણ મેળવી પોતાની સાથે કુટુંબનો પણ ઉદ્ધાર કર્યો.

આજકાલ પિરસ્થિતિ સાવ બદલાઈ ગઈ. છાશવારે વિવિધ શહેરોમાં શાળામાં બોંબ મૂકાયાની વાત વહેતી થાય. પરિણામે શાળા સંચાલક, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ, વાલીઓ પણ દોડતાં થઈ જાય. જીવ પોતાનો કોને વ્હાલો ન હોય. કેટલીકવાર આ હકિકત અફવા સુધ્ધા નીકળે. પરંતુ લાગતા વળગતાનો જીવ તાવળે પહોંચી જાય. શબ્દ બોંબ જ સર્વત્ર ઉચાટ ફેલાવે. સૌથી વધુ દોડધામ પોલીસ ડિપાર્ટમેન્ટની પણ. સમુ સુતરુ ઉભરતા હાસ થાય. પરંતુ ગભરાટ, નાસભાગ, અવ્યવસ્થા ઊભી કરે. પરીક્ષા સમયે નવી જ જાતનું મગજ પર ભારણ, ટેન્શન, ચિંતા સતાવે. પોતાના વ્હાલા બાળકોની ચિંતા ઘર અને સ્કૂલ વચ્ચે દોડધામ મચાવે. દિવસો ડોકિયા કરે છે તેમાં આ નવો ઉપદ્રવે શાળા ખાલી કરાવી તપાસમાં કશુ નથી. આ મઝાક, મશ્કરી પાછળનો આશય તો એવું કરતાં જ તેમની રમત હેતુ અદીઠાં એંધાણનો.

**સુરત - કુમુદભાઈ બક્ષી**

## શિવ-શિવ કરતા ઠંડી ચાલી ગઇ

એક કહેવત છે કે ઠંડી ગઇને ગોદળા બાંધી ત્રાણી ઠંડીની સીઝનમાં કાઢેલા ગોદળા, સ્વેટર, શાલ વગેરે ધોઇને બાંધી રાખી તેની અભરાઇ પર ચડાવી દેવામાં આવે છે. તેની સામે ગરમીથી બચવા પંચા, એસી રીપેરીંગ કરીને રિપેર કરવામા આવે છે. કે જેથી ભર ઉનાળામાં આપણે તકલીફમાં ન મૂકે. દરેકના મનમા એક શંકા હોય છે. ચોમાસુ, શિળાયો સહન થાય પણ ઉનાળાની ગરમી સહન ન થાય. ગરમીમા ખોરાકમા પણ પરિવર્તન લાવવુ જોઇએ. વધુ પડતો તીખો, તળેલો પ્રદાર્થ તથા વધુ પડતા મીઠાઇ જેવી કે મિક્સ મિઠાઇ, સલામપાક, અડધિયુ ખાવુ નહી. બની શકે તો છાશ, દહીં, શીખંડ, મઠો, ઠંડાઇ, શેરડીનો રસ, નારિયેળ પાણી તથા ફ્રૂટમાં તડબૂચ તથા સીઝનમાં ચાલતી કેરીનો ઉપયોગ કરવો. ઉપરાંત બની શકે તો ઉનાળામાં ઠંડા પાણીનુ માટલું બદલી નાંખવું કે જ.થી આવા ઉનાળામાં ફ્રીઝના પાણી પીવાની નોબત ન આવે.

**સુરત - મહેશ આઇ. ડોક્ટર**

## જનતા દ્વારા ચૂંટાયેલા સેવકો

મહાનગરપાલિકાઓ, વિધાનસભાઓ અને લોકસભામાં લોકશાહી પધ્ધતિથી જનતા દ્વારા જનહિતમાં ચૂંટાયેલા કોર્પોરેટરો, એમ.એસ.એ. અને તમામ સાંસદો વચ્ચે જે નિમ્ન કક્ષાની ભાષામાં વ્યક્તિગત પ્રહારો થઈ રહ્યા છે જે જોઈને સુપ્રિમ કોર્ટે હસ્તક્ષેપ કરવો જરૂરી બન્યો છે અને સુપ્રિમ કોર્ટે બંધારણ મૂલ્યોનું નૈતિકતાથી પાલન કરવાની મૌખિક સલાહ આપી છે. હવે આ તમામ નગરસેવકોએ આત્મચિંતન કરવું જરૂરી બન્યું છે. કારણકે ફરી આવનારી ચૂંટણીઓમાં જનતા સમક્ષ જવાનું છે એ કદી પણ ભૂલવું જોઈએ નહીં.

**મોટા મંદિર, સુરત- રાજુ રાવલ**